પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 21-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : SATURDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****

1) ગાંધીનગરમાં દેશભરના શ્રમ અને રોજગાર મંત્રીઓની બે દિવસની ચિંતન શિબિરનો પ્રારંભ – કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ કહ્યું, શિબિરમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો 60 કરોડ શ્રમિકોના કલ્યાણ માટે કાર્યયોજના ઘડશે.
2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રમના સન્માનને રાષ્ટ્રના આર્થિક વિકાસનો મજબૂત આધાર ગણાવ્યો.
3) રાજ્યમાં સાત લાખથી વધુ કિશોરીઓનું HPV રસીકરણ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર.
4) જુનાગઢમાં લીલી પરિક્રમાનો આજે બીજો દિવસ – અત્યાર સુધીમાં 50 હજારથી વધુ યાત્રિકોએ પરિક્રમા પૂર્ણ કરી.
5) રાજ્યમાં આવતીકાલથી ઠંડી ઘટવાની આગાહી.
6) અમદાવાદમાં આયોજિત અખિલ ભારતીય પોલીસ બૅડમિન્ટન સ્પર્ધામાં બીજા દિવસે મધ્યપ્રદેશની ટીમનો ભવ્ય વિજય.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

GNR CHINTAN SHIBIR FIRST DAY

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું, સરકારી વ્યાપક યોજનાઓના કારણે દેશના 101 કરોડ નાગરિકોને સામાજિક સુરક્ષાના કવચ હેઠળ આવરી લેવાયા. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રમ અને રોજગાર મંત્રીઓની બે દિવસની ચિંતન શિબિરના શુભારંભ સમારોહને સંબોધતા શ્રી માંડવિયાએ કહ્યું, આ શિબિરમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને નાગરિકો એમ ત્રણેય હિતધારકો સાથે મળીને દેશના 60 કરોડ શ્રમિકોના કલ્યાણ માટે કાર્યયોજના ઘડશે. શ્રી માંડવિયાએ કહ્યું, હાલ 16થી વધુ રાજ્યોએ પોતાની શ્રમ સંહિતાના નિયમો જાહેર કર્યા છે અને ડિસેમ્બર પહેલા 25થી વધુ રાજ્યો આ પ્રક્રિયા પૂર્ણ કરી લેશે.

(BYTE: DR. MANSUKH MANDAVIYA, UNION MINISTER)

देश में 29 करोड़ लोग सोशल सिक्योरिटी के कवरेज में थे। आज 108 करोड़ लोग सोशल सिक्योरिटी के कवरेज में आए हैं। आज 16 से अधिक स्टेट ने अपने स्टेट में रूल्स को नोटिफाई कर लिया, कई स्टेट ने रूल्स को पब्लिश कर दिया, तैयारी है जब 25 से अधिक स्टेट दिसंबर के पहले रूल्स नोटिफाई कर देंगे। 1 लाख करोड़ रुपया इंडस्ट्रीज को भी सपोर्ट करेगा और वर्कर्स को भी सपोर्ट करेगा, जो पहली बार प्राइवेट सेक्टर में जॉब के लिए एप्लाई होता है। लक्ष्य है हमारा प्रति महीने 10 लाख नए लोगों को नए जॉब को क्रिएट करना।

દેશમાં ચાર નવી શ્રમ સંહિતાના અમલીકરણના પ્રથમ વર્ષ નિમિત્તે યોજાયેલી ચિંતન શિબિરનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, દેશભરમાં શ્રમ સંહિતા લાગુ થવાની સાથે જ ગુજરાતે પણ પોતાના નિયમોને અંતિમ રૂપ આપીને અમલી બનાવ્યા છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

देश की विकास यात्रा में श्रमिकों का योगदान अत्यंत महत्वपूर्ण है। हमारे श्रमिक भाई-बहन ही सही मायने में राष्ट्र निर्माण के प्रमुख आधारों में से एक हैं। चार श्रम संहिताओं के लिए जो केंद्रीय नियम अधिसूचित किए गए हैं, उनके कार्यान्वयन के लिए राज्य और केंद्र शासित प्रदेश भी आगे बढ़ रहे हैं। देश में लेबर कोड लागू होने के दिन से ही गुजरात ने भी राज्य के नियमों को अंतिम रूप देकर लागू कर दिया है।

HPV VACCINE GUJARAT

રાજ્યમાં અત્યાર સુધીમાં સાત લાખ 75 હજારથી વધુ કિશોરીઓને એચપીવી રસી આપીને ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યું. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ પણ ગુજરાતની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા. આ અંગે આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે સર્વાઈકલ કૅન્સર જેવા રોગ સામે દીકરીઓને આજીવન રક્ષણ આપવાના આ અભિયાનને ગુજરાતે મહાયજ્ઞની જેમ ઉપાડ્યું છે. તેમણે કહ્યું, રાષ્ટ્રવ્યાપી આ રસીકરણ અભિયાનમાં ગુજરાતે મે મહિનામાં જ 100 ટકા લક્ષ્યાંક મેળવી લીધો હતો.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

ચૌદથી ૧૫ વર્ષની દીકરીઓ માટે સર્વાઇકલ કેન્સરની રસીકરણ કાર્યક્રમ લોન્ચ કર્યો હતો જેમાં પૂરા ભારતમાં એક કરોડથી વધુ દીકરીઓને આ રસી આપવામાં આવી છે જેમાં માત્ર ગુજરાતમાં 7.75 લાખ દીકરીઓને આ રસી આપી અને એક ગુજરાત આરોગ્ય વિભાગે સિદ્ધિ હાંસલ કરી

BK DyCM VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે બનાસકાંઠામાં તેમના વતન બલોધર ગામની મુલાકાત લીધી. આ પ્રસંગે પરિવાર સાથે ભીલડીના જૈન દેરાસરમાં દર્શન કર્યા. ઉપરાંત બલોધર ગામમાં આવેલા નીલકંઠેશ્વર મહાદેવ મંદિરમાં પૂજા-અર્ચના કરી હવનમાં આહૂતિ આપી. તેમજ મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું હતું શ્રી સંઘવીએ પોતાના જૂના નિવાસસ્થાનની પણ મુલાકાત લઈ પત્રકારો સાથે વાતચીત કરી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

આ સૌભાગ્ય એ અમારા પરિવારજનને પ્રાપ્ત થયું તે બદલ ગ્રામજનોનો આભાર માનવા આવ્યો છું અને મારા સ્વર્ગસ્થ પિતાશ્રી માટેનું ભી આસ્થાનું સૌથી મોટું કેન્દ્ર એ આ શિવજીનું મંદિર રહ્યું છે અને એ જ શિવજીના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો અવસર અમને પ્રાપ્ત થયો આજે અહીંયા હવન રાખવામાં આવ્યો હતો અને ગ્રામજનોને મળવાનો ભી અવસર મળ્યો આશીર્વાદ લેવાનો અવસર મળ્યો

SRT DGVCL BHUMIPOOJAN

નાણામંત્રી કનુ દેસાઈએ સુરતમાં દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ – ડીજીવીસીએલની ઓલપાડ ગ્રામ્ય વિભાગીય કચેરી, ઓલપાડ પેટા વિભાગીય કચેરી અને રાંદેર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના ગ્રીન બિલ્ડિંગનું ભૂમિપૂજન કર્યું. આ પ્રસંગે શ્રી દેસાઈએ કહ્યું, રાજ્યમાં આજે 10 લાખથી વધુ ઘર પર સોલાર પ્રણાલિ કાર્યરત્ હોવાથી લોકોને વીજ બિલમાં મોટી રાહત અને આવક મળી રહી છે.

VALSAD KANU DESAI

નાણાંમંત્રી કનુ દેસાઈએ વલસાડમાં ગુંદલાવ GIDC વિસ્તારમાં ભારે તથા હળવા દબાણની વીજ લાઇનની અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું. આ અંગે શ્રી દેસાઈએ કહ્યું, ગુંદલાવ GIDC વિસ્તારના કુલ 994 વીજ ગ્રાહકોને આનાથી લાભ થશે. આ કામ પૂર્ણ થવાથી ખુલ્લાં વીજતાર દૂર થતાં વીજ અકસ્માતનું જોખમ ઘટશે અને સમગ્ર વીજ નેટવર્ક સલામત બનશે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

SIR FORM SIX

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા દરમિયાન પ્રસિદ્ધ થયેલી મુસદ્દા મતદાર યાદીમાં નામ સામેલ ન હોય તેવા મતદારો ફોર્મ-સિક્સ ભરીને નામ દાખલ કરાવી શકશે. ફોર્મ સિક્સ અંગે મતદારોની મૂંઝવણ દૂર કરવા ભારતના ચૂંટણી પંચ દ્વારા પહેલ હાથ ધરાઈ છે. તે અંતર્ગત મતદારો નવેસરથી ફોર્મ સિક્સ ભરે તો તેમાં દર્શાવેલી ઘોષણા મુજબ, અરજદારનું નામ મતદાર યાદીમાં પ્રથમ વખત ઉમેરવામાં આવી રહ્યું છે, જેના કારણે અગાઉ નોંધાયેલા મતદારોને એવી આશંકા છે કે, અગાઉથી નોંધાયેલા હોવા છતાં ફોર્મ- સિક્સ ભરવું એ ખોટી ઘોષણા કર્યા બરાબર ગણાશે. તેના કારણે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950ની કલમ-31 હેઠળ તેમની સામે કાયદાકીય કાર્યવાહી થઇ શકે છે.

SOMNATH MAHAMELO

સોમનાથમાં આયોજિત કાર્તિકી પૂર્ણિમા મેળામાં પહેલા દિવસે એક લાખ 53 હજારથી વધુ સહેલાણીઓ આવ્યા. ગઈકાલે લોકોએ સંગીત અને લોકસાહિત્યિક ગીતોનો પણ આનંદ માણ્યો. મેળામાં વિવિધ હસ્તકળા અને ખાણીપીણીના સ્ટૉલ્સ, મનોરંજનના સાધનો તેમજ વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા લોકોની સુવિધા, સુરક્ષા, સ્વચ્છતા અને સુવ્યવસ્થિત આયોજન માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

JND LILI PARIKRAMA

જુનાગઢમાં ગિરનાર પર્વત ફરતે ગઈકાલથી શરૂ થયેલી લીલી પરિક્રમામાં આજે બીજા દિવસે પણ ભાવિકોનો અવિરત પ્રવાહ યથાવત્ રહ્યો. અત્યાર સુધી 50 હજારથી વધુ યાત્રિકોએ પરિક્રમા પૂર્ણ કરી લીધી છે. બીજી તરફ ભાવિકોની સુરક્ષા માટે સમગ્ર પરિક્રમાના રૂટ પર બે હજાર 500થી વધુ કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. 40 જેટલા સીસીટીવી કેમેરા લગાવીને પોલીસ પરિક્રમાના રૂટ પર સતત દેખરેખ રખાઈ રહી છે.

(VOICECAST: SANJIV MEHTA)

ગિરનારની લીલી પરિક્રમા અતિ દુર્ગમ અને કઠિન મનાય છે. ગિરનાર જંગલમાં 36 કિલોમીટરનું અંતર જ્યારે યાત્રિકોએ પગપાળા કાપવાનું હોય છે જેને કારણે યાત્રિકોને પણ ઘણી બધી મુશ્કેલીઓ પડતી હોય છે. રાજ્ય સરકારના સીધા માર્ગદર્શન નીચે વહીવટી તંત્રએ પરિક્રમાર્થીઓની સુખાકારી માટે પણ શ્રેણીબદ્ધ પગલાં લીધા છે. આઠ અલગ-અલગ રૂટ ઉપર આરોગ્ય કેન્દ્ર શરૂ કરીને યાત્રિકોને સારવાર આપવામાં આવી રહી છે, જેમાં બે દિવસમાં 1000થી વધુ યાત્રિકોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આ ઉપરાંત પીવાના પાણીના 51 પોઈન્ટ પણ શરૂ કરવામાં આવ્યા છે. તો વન્ય પ્રાણીઓને પરિક્રમાના રૂટથી દૂર કરવા માટે 450 જેટલા વનકર્મીઓ પણ 24 કલાક જંગલના માર્ગ ઉપર ફરજ બજાવી રહ્યા છે. હાલ પરિક્રમા સુખરૂપ રીતે ચાલી રહી છે અને વહીવટી તંત્ર સમગ્ર પરિક્રમા ઉપર બાજ નજર રાખી રહ્યું છે. સંજીવ મહેતા, જૂનાગઢ.

STATE WEATHER UPDATE

રાજ્યના કેટલાક જિલ્લામાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. ગત 24 કલાકમાં સૌથી ઓછું 11.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમરેલીમાં નોંધાયું. હવામાન વિભાગ અમદાવાદનાં વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું, પશ્ચિમી વિક્ષેપના કારણે આવતીકાલથી રાજયમાં ઠંડી ઘટી શકે છે.

(BYTE : RAMASHRAY YADAV, SCIENTIST, IMD AHMEDABAD)

आगामी सात दिनों के लिए गुजरात राज्य के मौसम के पूर्वानुमान की बात करें, तो गुजरात क्षेत्र और साथ ही सौराष्ट्र-कच्छ क्षेत्र में मौसम शुष्क रहेगा। न्यूनतम तापमान की बात करें, तो आगामी चार दिनों के लिए न्यूनतम तापमान में 2 से 4 डिग्री की बढ़ोतरी होने की संभावना है। इसके बाद न्यूनतम तापमान में कोई खास बदलाव नहीं होगा।

AMD POLICE BADMINTON

અમદાવાદમાં આયોજિત ત્રીજી અખિલ ભારતીય પોલીસ બૅડમિન્ટન ક્લસ્ટર 2026-27માં બીજા દિવસે પણ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત કૌશલ્યનું પ્રદર્શન કર્યું. વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે રમાયેલાં મુકાબલામાં બેડમિન્ટનની NGO પુરુષ ડબલ્સ ઑપન કેટેગરીમાં મધ્યપ્રદેશના પૃથ્વીરાજ ચવાણ અને પુરિઘલ્લા શ્રી ચરણ દાસની જોડીએ રિષભ સિંહ અને શેખ ઝાકિરની જોડીને 15-7 અને 15-2થી હરાવી વિજય મેળવ્યો.

જ્યારે ટેબલ ટેનિસની NGO 40 પ્લસ મહિલા ડબલ્સ કેટેગરીમાં તેલંગાણાનાં અકુલા સ્વપ્ના અને કરંગુલા પદ્મેનીની જોડીએ મિઝોરમની સી. લાલરેમ-રુઆતી અને લાલ-બિયાકનીની જોડીને ત્રણ-શૂન્યથી હરાવી. જ્યારે GO-NGO પુરુષ ટીમ સ્પર્ધામાં પંજાબની ટીમે તમિળનાડુ સામે ત્રણ-એકથી જીત મેળવી. તો, NGO 18 પ્લસ ઓપન પુરુષ ડબલ્સ કેટેગરીમાં ઉત્તરપ્રદેશના અર્શદ ખાન અને અરવિંદ ચૌધરીની જોડીએ આંધ્રપ્રદેશના ડી. વાસુ અને એસ. વી. રમનની જોડીને 3-0થી હરાવી. રાજ્ય પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા.

(BYTE : GYANENDRASINH MALIK, DGP, GUJARAT)

आज यहां थर्ड ऑल इंडिया पुलिस बैडमिंटन क्लस्टर के जिसमें बैडमिंटन और टीटी की जो स्पर्धाएं चल रही हैं, उसमें आज तीसरा दिन है। इसमें कुल 1100 से ज्यादा प्लेयर्स 38 स्टेट्स और यूनियन टेरिटरीज और पैरामिलिट्री फोर्सेज सीएपीएफ की यहां टीमें आई हुई हैं और बहुत ही अच्छे एटमॉस्फियर यहां टूर्नामेंट हो रहा है और सभी लोग बहुत एप्रिशिएट कर रहे हैं। सभी चीज से देखिए अरेंजमेंट्स हैं, हमारा टेक्निकल टीम, रेफरीज वगैरह बहुत अच्छा यहां चल रहा है।

AMD METRO TRAIN TIME

અમદાવાદ અને ગાંધીનગર બંને કોરિડોરમાં મેટ્રો ટ્રેન સેવા આજે રાત્રે સાડા 11 વાગ્યા સુધી કાર્યરત રહેશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે યોજાનારા ગાયક દિલજીત દોસાંજના લાઇવ કોન્સર્ટને લઈ ધ્યાનમાં રાખી ગુજરાત મેટ્રો રેલ નિગમ દ્વારા આ નિર્ણય કરાયો છે.